સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સમાજો ને જૂઠાં વચન આપી ફસાવે છે,
છે ડોકમાં જ સાપ જરૂર પડે ડસાવે છે,
વસાવે છે સ્મશાન, વસતિ કરે ઉજ્જડ -
સત્તાની ભાંગ પી, પ્રજાને હસે - હસાવે છે.
(શિવરાત્રી સ્પેશિયલ)

હાઈકુ

ભૂત-પ્રેમમાં -
પરિવાર છોડીને,
બેઠા સાસરે...

વાગે ડાકલાં,
ન્હાવું ન નિચોવવું -
બેઠા સ્મશાને...

ચિંતન

સંવૃત્યા જાયતે સર્વં શાશ્વતં નાસ્તિ તેન વૈ ।
સદ્ભાવે હ્યજં સર્વમુચ્છેદસ્તેન નાસ્તિ વૈ ॥

ઉપરોક્ત શ્લોક તૈતરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

બધું જ (જે ઉત્પન્ન થતું લાગે છે તે) વ્યવહારિક દૃષ્ટિ થી તો બધું જ અજન્મા છે. તેથી (કશાનો) ખરેખર નાશ છે જ નહિં.

'સંવૃત્તિ' એટલે અવિદ્યા વિષયક લૌકિક વહેવાર. વૈવિધ્ય અને વૈચિત્ર્ય ધરાવતી સૃષ્ટિ પરમાર્થ દૃષ્ટિએ મિથ્યા છે અને એકમાત્ર અજન્મા એવું આત્મ તત્ત્વ જ કેળવ છે. આથી જયારે ઉત્પત્તિ કે જન્મ જ ન હોય, ત્યાં વિનાશની વાત કરવાનો અર્થ નથી. જયાં સુધી જન્મતું નથી કે વિનાશ પામતું નથી. ત્યાં કારણ - કાર્યભાવની શક્યતા જ નથી. ત્યાં જન્મ મૃત્યુના ચકરાવા ને સ્થાન નથી... કેમ કે પરમાર્થતઃ કેવળ પરમ ચૈતન્ય કે શુદ્ધ સંવિત્ - સ્વરુપ જ બધું છે.

બધાં જ તત્ત્વો સહિત માનવી પણ પંચમહાભૂત તત્ત્વોમાં ભળી જાય છે અર્થાત્ કોઈનો નાશ થતો નથી માત્ર અન્ય તત્ત્વોમાં રૂપાંતર થાય છે.

સુવિચાર

- ધર્મના બીજ અંદરથી ના પાંગરે ત્યાં સુધી બહારના બધા પ્રયત્નો નિરર્થક ઉપચાર જેવા છે - **શ્રીભદ્ર**
- લક્ષ્મી શુભ કાર્યથી ઉત્પન્ન થાય છે, ચતુરતાથી વધે છે,
  અત્યંત નિપુર્ણતાથી મૂળ નાખે છે ને સંયમથી સ્થિર રહે છે - **વેદવ્યાસ**
- દ્વેષી ને મૃત્યુ તુલ્ય કષ્ટ ભોગવવું પડે છે - **વિદુર**
- તમને કયાં કયાં દુઃખો નથી મળ્યાં એની સૂચિ બનાવશો તો
  તમારા વર્તમાન દુઃખો નગણ્ય લાગશે - **સેસિલ**
- પોતાના દુશ્મનને ઓળખી લીધા એટલે સંસારના સમરાંગણમાં
  અર્ધુ કાર્ય આપોઆપ થઈ ગયું - **કિશોરીલાલ મશરુવાળા**
- સૂર્ય દુર્જનો ઉપર પમ સરખો જ પ્રકાશે છે - **ચહુદી કહેવત**
- આજનું ઔષધ : ગાજરને વાટી તેમાં થોડું મીઠું નાખી ગરમ કરી ખરજવા ઉપર બાંધવાથી ખંજવાળમાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

બીરબલ કાબુલ ફરવા ગયા. ત્યાંના બાદશાહે બીરબલને પૂછ્યું, 'બીરબલ કહો જોઈએ અમારા જેવો રાજા તમે કોઈ દિવસ જોયો છે ?' બીરબલે હાથ જોડીને કહ્યું કે આપ તો પૂનમના ચાંદ જેવા છો. આપના જેવો બીજો કોઈ કયાંક ન હોઈ શકે. આ વાત સાંભળી બાદશાહે ફરી પૂછ્યું, 'અગર હું પૂનમનો ચાંદ છું તો તમારો બાદશાહ કેવો છે ?' બીરબલે કહ્યું, 'અમારા અકબર બાદશાહ બીજનાં ચંદ્ર જેવા નાના છે.'

બીરબલ ફરીને પરત આવ્યા અને વાત ઉડતી ઉડતી અકબર બાદશાહ પાસે પહોંચી એટલે અકબરે બીરબલને બોલાવી કહ્યું, 'કાબુલના રાજાને તમે પૂનમના ચંદ્ર કહી આવ્યા અને અમને તમે બીજના ચંદ્ર કહ્યા તો આ શું છે ?'

બીરબલે કહ્યું, 'આલંપનાહ પૂનમનો ચાંદ ગમે તેટલો મોટો કેમ ન હોય. એના કોઈ ધાર્મિક મહત્ત્વ નથી હોતા, અને તે પછીના દિવસથી જ ઘટવા લાગે છે. જયારે બીજનો ચંદ્ર તો નાનો હોય છે. પરંતુ હિંદુ અને મુસલમાન લોકો બીજના ચાંદના શ્રધ્ધાથી દર્શન કરતા હોય છે. બીજના ચંદ્રના દર્શન કરવા લોકો બેચેન હોય છે.'

બીરબલે આગળ કહ્યું, 'મુસ્લિમ કેલેન્ડર મુજબ બીજથી જ મહિનો શરુ થાય છે. વળી બીજનો ચંદ્ર પછીના દરેક દિવસે વધતો જ રહે છે. આપણા રાજોયમાં પણ બીજને દિવસે જ કર્મચારીઓના પગાર થાય છે. તો હવે આપ જ કહો હુજુર કાબુલના બાદશાહને પૂનમનો ચાંદ કહ્યું અને આપને બીજનો ચાંદ કહ્યું તો આમાં મોટાઈ કોની થઈ?'

બીરબલના જવાબથી બાદશાહને સંતોષ થયો.

મૃત્યુંજય મહાદેવું કલ્યાણકારી રાત્રીપર્વ

તંત્રીસ્થાનેથી...

સનાતન ધર્મના ત્રિવેદમાં શિવને 'મહાદેવ' કહેવાયા છે. બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરે છે, વિષ્ણુ પાલન કરે છે અને શિવ સમાપન કરે છે, ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ પ્રકૃતિનો ક્રમ છે. શિવ બેયના દેવતા છે. એ અજન્મા છે અને અંશાવતાર સ્વરુપે હનુમાન જેવા પવિત્ર આત્મામાં અવતરણ કરે છે - પણ વિષ્ણુની જેમ એમને વારંવાર મનુષ્યાવતાર ધારણ કરવાની જરૂર નથી પડતી. એ લિંગ સ્વરુપે જીવસૃષ્ટિમાં સાક્ષાત છે. સ્વયંભૂ જયોતિર્લિંગો આપણી પરંપરાનાં સૌથી વધુ શ્રદ્ધેય તીર્થસ્થાનો છે. ગુજરાત ભાગ્યશાળી છે કે એને સોમનાથ અને નાગેશ્વર જેવાં બે સ્વયંભૂ લિંગો સાંપડ્યા છે. શિવરાત્રી એ શિવનો નહીં પરંતુ શિવતત્તવની જન્મતિથિ છે. શિવ તો અજન્મા છે. એમને નથી જન્મ, નથી જરા કે નથી મૃત્યુ. બલકે એ પોતે 'મૃત્યુંજય મહાદેવ' છે. મહાશિવરાત્રી સાથે સંકળાયેલી દંતકથા પણ કેવી પ્રબોધક છે! અજાતપણે બિલ્વવૃક્ષ પર બેઠેલા વ્યાધ પેલા ભૂમિગત શિવલિંગ પર સમય વિતાવવા તોડી તોડીને બીલીપત્રોનો અભિષેક કરતો રહે છે. શિકાર પર નજર પડતાં જ પેલી હરણીને વાચા ફૂટે છે : મને જરા મારાં બચ્ચાંને મળી આવવા દે ભાઈ ! હું તારો શિકાર થવા તૈયાર છું પણ એક વાર મારાં અબુધ બચ્ચાંને છેલ્લાં જુહાર તો કહી આવું ! - શિકારની શોધમાં વ્યાકુળ વ્યાદ પણ આખરે માણસ હતો. એ હરણીની માગણી સ્વીકારે છે કારણ કે એને શિવપૂજા થકી કલ્યાણમયી જાગી છે. હરણી શરત મુજબ સમયસર પાછી ફરે છે અને પછી શું થયું હશે તે કલ્પી શકાય છે.

શિવનો પર્યાયવાચી શબ્દ શંકર છે. 'શં'નો અર્થ પણ કલ્યાણ જ થાય છે. શિવ કલ્યાણકારી દેવ છે. એથી માનવથી લઈ દાનવ સુધી બધા જ એમની આરાધના કરતા રહ્યા છે. શિવને રામ પણ પૂજે છે અને રાવણથી મોટો શિવભક્ત તો કદાચ પાકયો જ નથી. શિવ આશુતોષ છે - એ શીઘ્ર પ્રસન્ન થનારા ભગવાન છે. એમને ખુશ કરવા માટે બહુ મૂલ્યવાન નૈવેદ્ય કે ઉપહાર નથી ધરવા પડતા. એમને ધંતૂરાનું ફૂલ ગુલાબ કરતાં પણ વધારે વહાલું છે. એનો પ્રતીકાત્મક અર્થ એવો પણ કરી શકાય કે શિવને સર્વહારા, ગંદાગોબરા ભક્તો પણ વહાલા છે. એ ચંદ્રને મસ્તક પર ધારણ કરે છે એ વૃદ્ધ નંદી પર સવારી કરે છે. સમુદ્ર મંથનમાંથી નીકળેલું ઝેર ગટગટાવી જાણે છે અને ભાંગ પીને સમાધિમાં સરી જાય છે. તેમ છતાં હાહાકાર મચાવી રહેલા અસુરને હણવા માટે તો એમના જ બીજથી પેદા થયેલા બળવાન યોદ્ધાની જરૂર લાગતાં દેવતાઓ એમનો યોગ સમાધિમાંથી જગાડવા કામદેવને મોકલી આપે છે - એમનો હેતુ પર સિદ્ધ થાય છે. અને કામદેવને ત્રીજું નેત્ર ખોલી રાખ કરી દીધા પછી રતિનો વિલાપ સાંભળી એ જ શિવ કામને મનુષ્ય બલકે જીવ માત્રના મનમાં જીવતા રહેવાનું વરદાન પણ આપી શકે છે. આવા શિવજીના સ્મરણ સાથે સંકળાયેલી શિવરાત્રી કોઈ મૂળશંકરને દયાનંદ સરસ્વતીમાં પણ રૂપાંતરિત કરી શકે છે. જનસાધારણ માટે શિવરાત્રી એ મહારાત્રી અને કાલરાત્રી જેવી જ એક ઉત્સવ રાત્રી છે. ભગવાન સદાશિવ સૌનું કલ્યાણ કરો !

જીવનમાં આનંદ અને કર્મની સુગંધ બંન્ને ભળે ત્યારે સાચુ સુખ પામી શકાય છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'કયાં જવું છે ?' કંડકટરે સહજતાથી પૂછી લીધું.

'આ બસ કયાં જાય છે ?' મુસાફરે પ્રતિ પ્રશ્ન કર્યો.

'પણ, તમારે કયાં જવું છે ? કયાંની ટિકીટ જોઈએ છે ?' કંડકટરે ફરીથી પૂછયું.

'ફાવે ત્યાની આપી દો.' મુસાફરનો બેફિકરાઈવાળા જવાબથી કંડકટર અકળાયો.

મેઘરજ જવા માટે અમદાવાદથી કાલીયાકુવા જતી બસમાં હું બેઠો મને બારી પાસે જગ્યા મળી ગઈ અને હું ગોઠવાઈ ગયો. બેગમાંથી પુસ્તક અને ચશ્મા કાઢી વાંચવા જતો હતો ત્યાં આ રકજક સંભળાઈ. મને તેમાં રસ પડયો.

'અરે... આવું તો કાંઈ હોય.. તમે કહો પછી જ ટિકીટ આપું ને ! તમે નકકી કરો કયાં જવું છે ? આમ ગમે ત્યાંની ટિકીટ હું ન આપી શકું !' કંડકટરે સ્પષ્ટતા કરી.

'હા.... પણ આ બસ કયાં ઊભી રહેશે ?' મુસાફરે પોતાની જીદ ચાલુ રાખી.

કંડકટરે પોતાની આગવી શૈલીમાં મુદ્દાનો સમજાવ્યો અને કહયું,'અરે ભાઈ, બસ તો ઘણી જગ્યાએ ઊભી રહેશે અને મુસાફરોને ઉતારી, ફરી પાછી ગતિ પકડશે, ને આગળ જશે. તેનું ડેસ્ટીનેશન નકકી છે. સ્ટેશન પણ નકકી છે.મુસાફરે નકકી કરવાનું રહે કે તેને કયાં જવું છે ?'

બસ તો જવાની જ છે. મુસાફરને બસ કયાં જાય છે તેના કરતાં મુસાફરે કયાં જવું છે તો વધુ અગત્યનું છે. મુસાફર માટે એ જ બસ મહત્ત્વની છે જે બસ તેને મંઝિલે પહોંચાડે. તેના નકકી કરેલા સ્ટેશને ઉતારે. જેની મંઝિલ નકકી નથી તો મુસાફરની કોઈ કિંમત નથી. સાઈન બોર્ડ વગરની બસ અને કયાં જવું છે, તેની ખબર નથી, તેવો મુસાફર બન્ને સરખા છે.

બસમાં બેઠેલો દરેક મુસાફર ટિકીટ લઈને બેઠો છે તેના હાથમાં માત્ર કાગળનો ટૂકડો નથી પરંતુ દરેક મુસાફર હાથમાં મંઝિલ લઈને બેઠો છે. જેવું જેનું સ્ટેશન આવે છે કે તરત ઉતરી જાય છે. આગળ ઉપર એક સ્ટેશન આવ્યું. કેટલાક મુસાફરો ઉતર્યા અને ફરી બસ આગળ દોડવા લાગી. કંડકટર મજાનો હતો. મને કંડકટરમાં વધુ રસ પડયો. તે દિવસે કંડકટર મને એક ફિલોસોફર જેવો લાગ્યો હતો. મને મજા પડી રહી હતી. હું તેને સાંભળતો રહયો. સમયસર-યોગ્ય સ્ટેશને નહિ ઉતારનારા મુસાફરો, આખી જિંદગી અન્ય સ્ટેશનો પર અહીં-તહીં ભટકતા રહે છે. ને પોતાનું જીવન વ્યતિત કરતાં હોય છે. જીવન વ્યતિત કરવું ને જીવન સાર્થક કરવું બન્નેમાં ભેદ છે.

જીવનનું સાર્થકય એમાં જ છે કે વળાંક આવે વળી જવું ને પોતાનું સ્ટેશન આવે ઉતરી જવું. જીવનનો પંથ તો ઘણો લાંબો છે દોસ્ત, પોતાના ભાગના પંથને મુસાફરે સ્વયં શણગારવાનો છે. જિંદગીની રફતારમાં પંથને શણગારી સુગંધિત કરવામાં ઔચિત્ય રહેલું છે. શણગાર એ આંખોનો આનંદ છે. જયારે સુગંધ એ મનની મીરાંત છે. જીવનમાં આનંદ અને કર્મની સુગંધ બંન્ને ભળે ત્યારે સાચુ સુખ પામી શકાય છે. સુગંધિત જીવન અને મન ભરાય તેવું આનંદિત જીવનઃ આ બન્ને જીવનને સાર્થકયની કક્ષાએ લઈ જાય છે.

સુખ અને આનંદ જીવનમાં અવાર-નવાર આવતા જતાં સ્ટેશનો છે.મને લાગ્યું, કે પુસ્તક વાંચવાથી કદાચ જે જ્ઞાન ન મળે તે અહીં કંડકટરવાણી સ્વરૂપે અસ્ખલિત વહી રહયું હતું.

મુસાફરે સમજી લેવાનું છે કે એ જે સીટ ઉપર બેઠો છે એ સીટ તેની નથી, બસ તેની નથી, બારી પાસે બેઠો હોય તો પણ, એણે જોયેલા દશ્યો તેના નથી. પોતાનું સ્ટેશન આવ્યે ઉતરી જવું ને બાકીનું બધું મૂકી ને જવું. બારીમાંથી નિહાળેલાં દશ્યોએ આનંદ આપ્યો હતો ને આગલી સીટ પર મા ના ખોળામાં રમી રહેલાં - હાસ્ય વેરતાં બાળકે ખુશી આપી હતી. જીવનની આ સાચુકલી મીરાંતને સમજી શકનારા નસીબદાર મુસાફરો કેટલા ? સુખ અને આનંદ નામના સ્ટેશનની ટિકીટ કેટલા મુસાફરો મેળવી શકે ? બસના કંડકટરને હું મનોમન વંદી રહયો.

મિસરી

'થોડી ધરબાયેલી વાતો
તારા ટેકાથી ખોલું છું.
ટેકો પાછો ખેંચી લેતાં
એકડ એકાથી બોલું છું.'

- ડૉ. પિનાકીન પંડયા
santoshdevkar03@gmail.com

શું તું મારી સાથે વૃદ્ધ થવા તૈયાર છે!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એ વળી પાછો વેલેન્ટાઈન ડે આવ્યો અને પ્રેમ વ્યક્ત કરવાનો દિવસ આવ્યો... પ્રેમ, મહોબ્બત, પ્યાર, ચાહત, બંદગી, પ્રાર્થના... બસ... આમ જ થવું જોઈએ... પ્રેમથી શરુઆત અને પ્રાર્થના સુધી પહોંચવું આ જ પ્રેમની પરિણતી હોવી જોઈએ...

પ્રેમ ખૂબ નાજુક ઘટના છે... પ્રેમને જો ખૂબ ઊંડાણપૂર્વક સમજીએ તો ખરેખર પ્રેમ એટલે બીજાનું ધ્યાન રાખવું. ગુલાબનું ફુલ ખરીદીને વેલેન્ટાઈન ડે નું કાર્ડ સેન્ટથી છાટી દઈને પછી ઝટપટ કોઈને આપી દેવું. આ પ્રેમની અભિવ્યક્તિ ન હોઈ શકે... હા... પ્રેમ દર્શાવવાનો શિષ્ટાચાર જરૂર કહી શકાય...

અલબત્ત આ શિષ્ટાચારનું પણ સમયાંતરે માનવીના જીવનમાં મહત્ત્વ રહ્યું છે... ઉદ્દીપન કાર્યનું કામ કરનારું, પ્રેરકબળ છે...

પરંતુ ખરેખર તો પ્રેમની અભિવ્યક્તિ એટલે પ્રિય વ્યક્તિની સંભાળ લેવી, તેની જરૂરિયાતને વગર બોલ્યે સમજી જઈને સંતોષવી... ઠોકર લાગે પછી હાથ આપવો તેમ નહીં પરંતુ ઠોકર લાગ્યા પહેલા જ ઠેસ લાગવાના સ્થાન પર પોતાને મૂકીને તેને સાચવવી...

સવાર સવારમાં હોંશથી બનાવેલા ટીફીનને બપોરે કકાડાટી કરતી ભૂખ ભાગે અને જમવા બેસીએ ને ખબર પડે કે શાકમાં તો મીઠું જ નથી... ત્યારે માત્ર તેના સ્નેહથી વઘારેલા શાકને સબરસમય માનીને આરોગી લેવું... અને વળી પાછું - વ્હોટ્સઅપ કરીને સવાર સવારમાં રસોઈ બનાવનાર પત્નીને **'Love you'** નો મેસેજ કરીને સ-રસ રસોઈ જમાડવા અભિનંદન આપવા...

પ્રેમ એ ધીરજનું નામ છે... અધીકાઈ નથી... આકળાપણું નથી... પ્રેમ તો તસુભાર તસુભાર સંભાળીને ચાલવાનું નામ છે... પ્રેમ એ જુએ છે કે સામેવાળું વ્યક્તિ કેટલે દૂર સુધી ચાલવા માટે રાજી છે... કારણ કે પ્રેમ એ જ છે સામાવાળનું સન્માન... તેના વિચારોનું સન્માન...

પ્રેમ હંમેશા દરવાજે ટકોરા દે છે, પૂછે છે કે શું હું અંદર આવી શકું છું? જો અનુમતિ ન હોય તો પ્રતીક્ષા કરે છે... ગુસ્સો નથી કરતો, કારણ કે બીજાની સ્વતંત્રતાનું મૂલ્ય છે.

વસ્તુતઃ સમાજમાં લોકોએ પ્રેમને નામે એટલા બધા દગા અનુભવ્યા છે કે, તે નવા કપટ માટે તૈયાર નથી... ભાઈનો પ્રેમ, બહેનનો પ્રેમ, માતાનો પ્રેમ, પિતાનો પ્રેમ, પતિનો પ્રેમ, પત્નીનો પ્રેમ જયારે પણ આવ્યો છે. ત્યારે (*) કન્ડીશન્સ અપ્લાયની ચકરડી સાથે જ આવ્યો છે...

વિશ્વાસ એ વિશ્વનો શ્વાસ છે... અને જયારે વિશ્વાસ તૂટે ને ત્યારે હૃદયમાં કડાકા બોલે છે... સામેવાળો કયાંથી તમારા પ્રેમ પર વિશ્વાસ કરી શકે? કે જયારે તેણે પગ પર માત્ર ઠેસ જ ખાધી હોય ત્યાં પ્રેમતત્ત્વનું ઉજાગર થવું થોડું કઠીન છે...

અને હાં! 'પ્રેમ આંધળો નથી હોતો... ઉલ્ટુ ખરેખર યોગ્ય વ્યક્તિના સંસર્ગમાં આવ્યા પછી તો દીવ્યતાના દર્શન થાય છે.'

પ્રેમ આંધળો નથી... પ્રેમ તો પ્રકાશ છે... એ પ્રકાશને જીરવવાની તાકાત ન હોય તો જરૂર માનવી આંધળો બને છે...

પ્રેમશૂન્ય વ્યક્તિ ખૂબ ખતરનાક હોઈ શકે છે... ઋજુ હૃદય ન હોય તો તે વિશ્વાસપાત્ર બની શકતો નથી...

યોગ્ય સાથી વગરનું જીવન જયારે જીવાતું હોય છે, ત્યારે ઘડીયાળમાં માત્ર એક જ કાંટો હોય છે... કલાકનો. ધીમે ધીમે કલાકોના હિસાબે જીવનનો પંથ કપાતો હોય છે... રવાની નથી હોતી.

પરંતુ સંગાથ મળ્યા પછી મિનિટના કાંટાનો ઉમેરો થઈ જાય છે... જીવનની ગતિ પગણ બદલાઈ જાય છે... મિનિટે મિનિટે નૂતનના જીવનમાં પ્રવેશતી જાય છે... પહેલા જે સુસ્તી હતી તે ઊડી જાય છે...

અને જયારે બંને કાંટા ભેગા થાય ત્યારે તો સત્ ચિત્ આનંદનો જ અનુભવ થયા વગર રહેતો નથી...

'એક વ્યક્તિને પ્રેમ કરવો એનો અર્થ એટલો જ કે એ વ્યક્તિ સાથે વૃદ્ધ થવા માટે સંમત થવું.' આલ્બેર કામનું આ વિધાન દરેક પ્રેમી માટે સ્પેમ્પ પેપર બરાબર છે...

યુવાનીમાં કૉલેજમાં જેની શ્યામવર્ણી ઝુલ્ફો પાછળ દીવાના થયા હોઈએ, લગ્ન પછી દાળ-શાકમાં એ જ ઝુલ્ફોનો એકાદ તાતણો આવી જાય તો આપણા ભવા તંગ ન થવા જોઈએ... જેના પગની પાયલનો ઝણકાર આપણને મંત્રમુગ્ધ કરતો હોય તેના માટે વર્ષો પછી એ જ પગ માટે એ જ એડીના ઘૂંટણના દુઃખાવા માટે ડૉ. ઓર્થોનું તેલ એટલા જ પ્રેમથી લગાવવાની તૈયારી હોવી જોઈએ... જેના મોતી જેવા દાંતની હારમાળા દાડમના દાણા જેવી લાગતી હોય, તેના ચોકઠાને સંભાળીને જમ્યા પછી ડબ્બીમાં મૂકવાની ચાનક હોવી જોઈએ... જેની, હરણ જેવી નેણ આંખની અંદર આપણને ચાંદ તારા દેખાયા હોય, તેની જ આંખમાં જયારે મોતિયો આવે ત્યારે ખૂબ ચીવટતાથી સંભાળ લેવાની દાનત હોવી જરૂરી છે...

પ્રેમ એ સોડા જેવો ઊભરો નથી, કે ઊભરાઈ ગયા પછી ખલાસ... પ્રેમ તો દરિયા જેવો અગાધ અને ધીરજયુક્ત હોવો જરૂરી છે... આજે આપણા પ્રિય વ્યક્તિને ગુલાબ આપીએ કે ન આપીએ પરંતુ એ અહેસાસ તો જરૂર પ્રસરાવીએ કે તારા વગરનો હું એટલે એકડા વગરનું મીઠું...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

શિવ વંદના અને શિવ મહિમા

'ૐ ત્રયંબકં યજામહે, સુગંધિં પુષ્ટિવર્ધનમ્ ;
ઉર્વારૂકમ્ ઈવ બંધનાત્ મૃત્યોઃ મુક્ષીય મામૃતાત્.'

શિવાલયના પ્રવેશ દ્વારે ભૈરવની પ્રતિમા અનિષ્ટો સામે રક્ષણ, સાહસ અને શૂરવીરતાનું દર્શન છે. નંદી - પોઢિયો બળનું, ખેતીનું, આજીવન બ્રહ્મચર્યનું, એકાગ્રતાનું અનિવાર્ય અંગ બની સ્વયં શિવજીનું વાહન બને છે. કાચબો સ્થિરતા, પાંચ ઈન્દ્રિયોનો સંયમ શીખવે છે. જમણી તરફ હનુમાનજી નવધા ભક્તિનો સીધો પરિચય કરાવે છે તો ડાબી બાજુ ગણેશજી માતૃપ્રેમ સાથે વિઘ્નહર્તા બની ફરજનિષ્ઠાનું ભાન કરાવી જાય છે. ગણપતિ બાપા : મોરયા.

શિવલિંગ નિર્ગુણ, નિરાકાર ઈશ્વરનો વેદમંત્ર સ્પષ્ટ કરે છે તો જયાં લિંગ સ્વયં સ્થાપિત છે તે પીઠિકા મા જગતજનની આદ્યશક્તિ પાર્વતીજીની પતિભક્તિનું રસપાન કરાવે છે. શિવલિંગ ઉપરની જળાધારી કોઈના મતે ટપક ટપક બની ઘટતા જતા આયુષ્યની તો કોઈના મતે પારદર્શિતા પ્રધાન કરીને ચંદ્રની શીતળતાનું પ્રતિબિંબ ઝીલે છે. શિવજી ભાગીરથી ઝીલી લે છે તે મંદાકિની પવિત્રતા, શુદ્ધતા, અવિરતગતિ, પરોપકારના પાઠ ભણાવતી ભણાવતી સાગરને ભેટવા ઉતાવળી થઈ મોક્ષ માટે ઝંકૃત કરી દે છે. હર હર ગંગે... હર હર ગંગે...

લલાટે શોભતો બીજનો ચંદ્ર પામર માનવીને ધીરજપૂર્વક પ્રગતિ તરફ પ્રયાણ કરવાની પૈરવીમાં પદાર્પણ કરાવે છે. ચંદ્રમૌલિની ખરી છટા તો એમની જટા છે. યોગીનું લક્ષણ યોગ, ભોગીનું ભોગ, રોગીનો રોગ જો હોય તો જોગીનું લક્ષણ જબરદસ્ત જટા છે. ભોળાનાથ ભોળા જરૂર છે પણ ભોટ નથી. વખત આવ્યે ત્રીજું નેત્ર ખોલી કામદેવને એ ભર્મ પણ કરી શકે છે. આ સંસારમાં રહેવું હશે તો ફૂંફાડો મારતા રહેવું પડે છે. અતિશય સરળતા નિર્બળતા ના બની જાય એનું ધ્યાન રાખવાનું ભાન ભોળાનાથ પાસેથી શીખવા જેવું છે.

પ્રસંગસર
પી.એમ. પરમાર

ગળામાં સાપ ઝેર પચાવતાં શીખવાડે છે. રૂદ્રાક્ષની માળા આરોગ્યની પાઠશાળા છે. પહેલું સુખ તે જાતે નર્યા. સંસાર અસાર છે; શરીર તો નાશવંત છે. શરીરે ભસ્મ ચોળી શિવ ખોળિયાની ક્ષણભંગુરતા ચપટીમાં જ સમજાવી દે છે. ડમરુ સંગીતનો નાદ છે; તાંડવનો ઉન્માદ છે; એ રસરાજ છે અને નટરાજ પણ છે. કળા છે તો જીવન છે. જય જય શિવશંકર ગાતા રહીએ. આધિ, વ્યાધિ, ઉપાધિ કે દૈહિક, દૈવિક, ભૌતિક દુઃખોનો શૂળ (પીડા) ને ત્રિશૂળ ઉખાડી ફેંકી દે છે. વાઘ જેવા ભયાવહ, ભયાનક દુર્ગુણોને દબાવી દેવા સારા એ ન્યાયે એ વ્યાઘચર્મ દબાવી ઉપર બિરાજમાન થયા છે. વાઘ હારી જાય છે ને ગાય જીતી જાય છે. ગૌમુખી ચેતવણી આપે છે : લક્ષ્મણ રેખા કદી ઓળંગવી નહિ. વનસ્પત્યૈ નમઃ વૃક્ષ-ગુલ્મ-વેલ - વનસ્પતિથી તો ધરતી શોભી ઊઠે છે. ત્રણ ગુણોથી આ દુનિયામાં એક પમ જીવ બાકાત નથી. : સત્ત્વ-રજ-તમ. બિલીપત્ર આ ત્રણ ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. સત્વગુણને કહી દો કે : ભલે પધાર્યા.

શિવાલય એ માત્ર શિવાલય નથી એ તો જ્ઞાનાલય છે. મંદિરમાં પ્રભુદર્શન આંખો મીંચીને નથી કરવાનાં. આંખો ઉઘાડી દર્શન કરશો તો આંખો ખુલી જાય તેવો અનુભવ કરવાનાં પૂરા ચાન્સ છે. શિવાલયનાં કુલ ૨૫ પ્રતીકો આપણા શરીરમાં પચીસ તત્વોને ઝંકૃત કરનારાં છે. જો અજાણ્યે રાતના અંધારામાં શિકારી ગુરુદ્રોહ ને બિલીનાં પાન નીચે ફેંકવાથી પણ શિવજી પ્રસન્ન થયા તો આપણે તો શ્રદ્ધાપૂર્વક, ભાવપૂર્વક શિવજીને શિવરાત્રીએ વંદન કરી વંદના કરીએ તો પ્રસન્ન ન થાય ? જરૂર થાય. ચમત્કારો આજે પણ બને છે. સૌ સાથે ભેગા મળી બોલીએ ... ૐ નમ શિવાય.

લગ્નોત્સવ પણ જીવન અજવાળે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મા-બાપના પુણ્યથી આવો જમાઈ મળે જે આટલો સહજ થઈને લગ્નના દિવસોમાં પણ હળીમળીને રહે.'

'પહેલીવાર એવું જોયું કે દીકરી પણ અને સ્વજનો પણ વિદાય વખતે સહજ પણે હસતાં હસતાં કન્યા વિદાયમાં સમયને જીવતા હતા.'

'મારી દીકરીના લગ્નમાં આ પંડિતોને હું બેંગ્લોર બોલાવીશ ને સંસ્કૃત ઉચ્ચારોનું પવિત્ર વાતાવરણ સર્જીશ.'

'અમે લગ્નમાં નહિ પરંતુ ફેમિલી પિકનિકમાં આવ્યા હોઈએ એવી મજા કરી.'

'દીકરીનો બાપ આટલો બધો ટેન્શન મુક્ત છે કારણ કે એને એવા પરિવાર અને મિત્રો મળ્યા છે...'

આ અને આવા વાક્યો સાંભળ્યા ધ્વનિ અને પિયુષના લગ્ન નિમિત્તે. લગ્ન માંગલ્યના આ અવસરે બંને પરિવારો અમદાવાદના એક પ્રાઈવેટ ફાર્મ જી.પી. ફાર્મમાં બે દિવસ સાથે રહ્યા અને લાંબા સમય સુધી સમારંણા રૂપ બની રહે એવા લગ્નને માણ્યા.

વરરાજા શણગારેલી ઘોડી પર અસવાર થઈને, સહેરો બાંધીને, નાસિક ઢોલ તથા કાઠિયાવાડી વસ્ત્રો અને તરણેતરની મેળાની છત્રીઓ સાથે નૃત્ય કરતા ખેલૈયા અને જાનૈયાઓને લઈને આવી પહોંચ્યા. કન્યાની માતાએ વરરાજાને પોંખ્યા. વર-કન્યાએ એક બીજાને સ્નેહસૂત્ર પહેરાવ્યા. પંડિતોએ યજુર્વેદના મંત્રોનું ગાન કર્યું. વરરાજાને આપણે ત્યાં નારાયણ સ્વરુપ મનાય છે અને તેથી તેમના આગમન સમયે પુરુષ સુક્ત ગવાયું. ૧૪ પ્રકારની શાંતિ નવદંપત્તિને મળે એ માટે ભદ્રસુક્ત ગવાયું. ગણેશપૂજનથી શરુ કરીને પરંપરાગત - ભારતીય વૈદિક સંસ્કૃતિની અસ્સલ વિધિ શરુ થઈને તે છેક અખંડ સૌભાગ્યવાતીના આશીર્વાદ સુધીનો યોગ્ય ક્રમ સચવાયો. નવ દંપત્તિને શંકર-પાર્વતી, બ્રહ્મા-સાવિત્રી, ઈન્દ્ર-ઈન્દ્રાણી અને વશિષ્ઠ-અરુંધતીના સૌભાગ્ય અપાયા આશીર્વાદ રુપે. વર અને કન્યા પક્ષના વડિલો સ્વજનો-પ્રિયજનોએ બંનેને દાંપત્યજીવનના આર્શીવાદ આપ્યા, શુભકામનાઓ પાઠવી.

બે દિવસ બ્રેકફાસ્ટથી લઈને ડીનર સુધી સહુ સાથે રહ્યા. લાંબા સમયે દેશ-વિદેશથી આવેલા સ્વજનો વહેવાર નિભાવવા નહી પરંતુ કેવળ પ્રેમવશ થઈને આવ્યા... ખુબ ગીતો - ગાયા - ડાન્સ કર્યો - ધમાલ કરી - પરંપરાગત વિધિ વિધાનો સંપન્ન થયા, લગ્ન ગીતો અને સંસ્કૃત સ્તોત્રોનું તથા ગુજરાતી - હિન્દી ગીતોનું ગાન થયું... સહુએ વ્યક્તિગત અને સામૂહિક રીતે પારિવારિક પ્રસંગને મનભરીને માણ્યો... લગ્ન પછી રૂબરૂ કે ટેલિફોન પર લાગણીથી લથબથ જે પ્રતિભાવો આપ્યા તેમાંના કેટલાક લેખના આરંભે લખ્યા છે.

લગ્ન પ્રત્યેક ઘર માટે માંગલ્યનો એવો અવસર હોય છે જયારે સહુ કોઈ આનંદ-પ્રસન્નતા સાથે આ ઉત્સવને માણે છે. દાયકાઓથી સાચવેલા મોંઘેરી જણસ જેવા સંબંધો આવા અવસરોએ પ્રમપૂર્ણ થઈને ધબકતા હોય છે, અને આવા સંબંધો જ આપણને જીવન જીવવા માટેનું બળ પૂરું પાડતા હોય છે.

લગ્ન પૂરા થયા પછી આભાર કે આનંદ પ્રગટ કરવા કરાયેલા ફોનમાં જે લાગણીનો પ્રતિસાદ મળ્યો એના દ્વારા ધ્વનિ-પિયુષને લગ્નના દિવસોમાં જાણે શુભત્વનું વાતાવરણ જીવન માંગલ્ય માટેનું મળ્યું એવી અનુભૂતિ થઈ.

લગ્ન ભારતીય સંસ્કૃતિના સોળ સંસ્કારો પૈકીનો એક છે અને તેના પણ યજ્ઞ છે. મનુષ્ય જીવનના ચાર પુરુષાર્થની પ્રાપ્તિમાં લગ્ન સંસ્કાર સહાયક બને